# ટ્રેક નં. ૩૪ : પરિણતિ વિષે

✻ પરિણતિ ગુણ છે કે પર્યાય? ઉપયોગ બહાર હોય ત્યારે પરિણતિ અંદર હોય? મને તો અટપટુ લાગે છે. તો કરી દઈએ સરળ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચામાંથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : પૂર્ણ છું, હાં, પૂર્ણ છું,
પરિણતિએ એક સમયે ધ્રુવને ટીકી ટીકી જુવે (૨)
પરિણતિના ધ્યાનમાં તો ધ્રુવ એક જ ઉભરે.

✻ પ્રશ્ન : શાંતિની ધારા ચાલી રહી છે સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં. તે પરિણતિ અતીન્દ્રિય પરિણતિ ન ગણાય? ઇન્દ્રિયોને આધીન છે?

● ઉત્તર : ઈન્દ્રિયોને આધીન કાંઈ નથી. પોતાને આધીન છે.૧

✻ પ્રશ્ન : અતીન્દ્રિય પરિણતિ? અને અતીન્દ્રિય સુખ?

● ઉત્તર : ઈન્દ્રિયોને આધીન નથી, ઈન્દ્રિયોને આશ્રયે નથી એટલે અતીન્દ્રિય છે. તેને આશ્રય આત્માનો છે શાંતિના વેદનનો. ઈન્દ્રિયનો આશ્રય નથી. અતીન્દ્રિય છે. છે અતીન્દ્રિય, પણ હજી એનો ઉપયોગ બહાર છે ને! એટલે એને નિર્વિકલ્પ દશાનો આનંદ– એ આનંદ નથી આવતો. ત્યાં આવતો નથી. ૨.

✻ પ્રશ્ન : પરિણતિમાં છે? ઉપયોગમાં નથી?

● ઉત્તર : ઉપયોગમાં એ નથી થયું ને હજી. પરિણતિ અતીન્દ્રિયનો. હજી ઉપયોગ નથી. ઉપયોગ બહાર છે. ઉપયોગમાં બધો આશ્રય છૂટી જાય, એકલો ચૈતન્ય ચૈતન્યમાં જામી જાય ઉપયોગ તો સિદ્ધદશાનો આનંદ છે. ૩.

✻ પ્રશ્ન : મુનિઓ જે, માતાજી, વારંવાર અંદરમાં નિર્વિકલ્પ ને વિકલ્પ, નિર્વિકલ્પ અને વિકલ્પ, બહારના શુભાશુભ ભાવમાં તે તાકાત નથી. તો પરિણતિ જે વહન કરી રહી છે. શુદ્ધ પરિણતિ.

તે ઉપયોગને પોતા તરફ લાવતી હશે ને?

● ઉત્તર : શુદ્ધ પરિણતિ પોતા તરફ ઉપયોગને ખેંચે છે. પ્રયત્નની દશા એની ચાલુ છે. શુદ્ધ પરિણતિ જે અંશે પ્રગટી છે તે પોતે પરિણતિ પોતે ખેંચી રહી છે ઉપયોગને પોતા તરફ. અંતર્મુહૂર્તે, અંતર્મુહૂર્તે ખેંચી રહી છે. તે વખતે તેની દશા જ આવી છે કે વધારે ટકી જ નથી શકતી, તે વધારે વિકલ્પની ધારામાં મુનિની પરિણતિ ટકી શકતી નથી. વારે વારે પરિણતિ એને ખેંચી સ્વરૂપમાં જામી જાય છે. એવી એની પુરુષાર્થની ધારા સહજ છે. વારંવાર ખેંચી લે છે પરિણતિ ઉપયોગને. ૪.

✻ પ્રશ્ન : ઉપયોગ બહારમાં હોય ત્યારે શુદ્ધ પરિણતિ તેને લબ્ધ છે એમ કહેવાય?

● ઉત્તર : હા. એને લબ્ધ કહેવાય છે. ૫.

✻ પ્રશ્ન : આમ તો જ્ઞાનમાં જ લબ્ધપણું હોય છે. છતાં પરિણતિને પણ (લબ્ધ કહેવાય?)

● ઉત્તર : એ લબ્ધ કહેવાય. પણ તે લબ્ધ એવું નથી કે એક કોર પડ્યુ છે. તે લબ્ધ તેને ઉઘાડરૂપ છે તેને ખ્યાલમાં એમ છે. કાર્ય કરે છે તે લબ્ધ એવું છે. ઉપયોગની અપેક્ષાએ લબ્ધ કહેવાય. બાકી પરિણતિ કામ કરે છે. માટે લબ્ધ છે તે ખ્યાલ ન આવે એવું નથી. ૬.

✻ પ્રશ્ન : અનુભવ થયો નથી તે પહેલાના જીવને કેવી રીતે?

● ઉત્તર : જેને અનુભવ નથી થયો તેને પણ મને કેમ શુદ્ધાત્મા ગ્રહણ થાય એની જિજ્ઞાસા ને રુચિ રહ્યા કરે છે કે મને જ્ઞાયક કેમ સમજાય? જ્ઞાયકનું યથાર્થ રીતે અવલંબન ‘હું શુદ્ધાત્મા છું’ એનું અવલંબન મને કેમ આવે? અને તે યથાર્થ રીતે પરિણતિ કેમ પ્રગટ થાય? તે તેની ભાવના હોય અંદર. વિચારોથી નિર્ણય કરે કે ‘હું જ્ઞાયક જ છું. આ શુભાશુભ ભાવો મારું સ્વરૂપ નથી’ એમ વિચારથી

નક્કી કર્યું હોય પણ યથાર્થ અવલંબન કેમ થાય? એની ભાવના રહે, એની રુચિ રહે, એની ખટક રહે, એની નિરંતર ખટક રહ્યા જ કરે કે મને જ્ઞાયકનું અવલંબન ને એની રુચિ રહ્યા કરે. અને અંતરમાં એ પ્રગટ નથી થયું. તો બહારમાં તો એને દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન હોય છે. ભગવાને તે પ્રાપ્ત કર્યું. ગુરુ સાધના કરે તે, શાસ્ત્રો એને માર્ગ બતાવે. શુભભાવમાં એને દેવ, ગુરુ, શાસ્ત્ર, પણ અંતરમાં એને ખટક રહે છે. મને શુદ્ધાત્મા કેમ ગ્રહણ થાય? એને રહ્યા જ કરે છે. અંતરમાં એની રુચિ રહ્યા કરે છે. મુમુક્ષુને અંદરમાંથી ખટક જાતી નથી કે મને શુદ્ધાત્મા કેમ ગ્રહણ થાય? બહારમાં અશુભભાવથી બચવા માટે શુભભાવમાં તે ઉભો રહે છે. જિનેન્દ્રદેવની મહિમા, શાસ્ત્રનું ચિંતવન, ગુરુની મહિમા આ બધું એને આવે છે. એ બધા કાર્યોમાં જોડાય છે. જિનેન્દ્ર દેવના, ગુરુના, શાસ્ત્રના બધા કાર્યોમાં જોડાય છે. જેણે પ્રગટ કર્યું તેના ઉપર એની ભક્તિ આવ્યા વિના રહેતી નથી. એટલે એ બધા કાર્યોમાં જોડાય છે. ભગવાનના, ગુરુની પ્રભાવના, ગુરુની સેવા, ગુરુની ભક્તિ, ગુરુએ શું કીધું છે? ગુરુએ શું માર્ગ બતાવ્યો છે? એના વિચારો, શાસ્ત્રોમાં શું આવે છે? તત્ત્વના વિચારો અંદર આવ્યા કરે. દ્રવ્ય, ગુણ, પર્યાય, આત્માનું સ્વરૂપ, પરદ્રવ્યનું શું? તત્ત્વના વિચારો આવ્યા કરે. એ બધું એને હોય છે. અશુભભાવથી શુભભાવમાં દિશા પલટાવે અને શુદ્ધાત્માની ખટક રહ્યા કરે છે. ૭.

✻ પ્રશ્ન : નિંદ્રાવસ્થામાં પણ શુદ્ધ પરિણતિ ચાલુ રહે?

● ઉત્તર : શુદ્ધ પરિણતિ ચાલુ રહે છે. શુદ્ધ ઉપયોગ ન હોય પણ શુદ્ધ પરિણતિ નિંદ્રાવસ્થામાં પણ હોય. જ્ઞાયક જુદો ને જુદો નિરાળો હોય છે. નિંદ્રામાં પણ એકત્વ થાય નહીં. જુદો ને જુદો રહે છે. નિંદ્રાવસ્થામાં પણ જુદો ને જુદો રહે છે. શરીર જુદું, આત્મા જુદો, વિકલ્પની કોઈ અવસ્થા-નિંદ્રામાં પણ વિકલ્પની અંદર

એકત્વ થાય નહીં. નિરાળો ને નિરાળો-શુદ્ધ પરિણતિ ચાલુ છે જ્ઞાયકની. ૮.

✻ પ્રશ્ન : સદાય જાગ્રત પરિણતિ છે એમ જ?

● ઉત્તર : એ જાગૃત જ છે. એ સદાયનો જાગૃત જ છે. આત્મા ક્યાં ઉંઘે છે? બહારથી એની નિંદ્રાઅવસ્થા. એને અમુક નિદ્રાનો ઉદય આવે, તો નિંદ્રામાં દેખાય પણ આત્મા સદાય જાગૃત જ રહે છે. જાગતો હોય તો વિશેષ જાગૃત છે. પણ અંતરમાં શુદ્ધ પરિણતિ-રૂપે-જ્ઞાયકરૂપે જાગૃત છે. એની શુદ્ધ પરિણતિ, આત્મા છે, દ્રવ્યદૃષ્ટિ છે, જ્ઞાયકની ધારા છે બધુંય એને નિંદ્રામાં પણ છે. ૯.

✻ પ્રશ્ન : ઉપશમ સમ્યગ્દર્શનમાં પણ શુદ્ધ પરિણતિ ખરી જ ને? કે ક્ષાયિક સમકિતમાં? એવું કાંઈ ખરું?

● ઉત્તર : ઉપશમ સમ્યગ્દર્શન તો અંતર્મુહૂર્ત હોય છે. પછી ક્ષયોપશમ થાય. ક્ષયોપશમ કે ક્ષાયિક ગમે તે હોય બધામાં શુદ્ધ પરિણતિ હોય છે. બધામાં હોય છે. એક સમ્યગ્દર્શનમાં શુદ્ધ પરિણતિ હોય અને એકમાં ન હોય એમ ન હોય. સમ્યગ્દર્શન એ એક જાતનું સ્વરૂપ છે. ૧૦.

✻ પ્રશ્ન : શુદ્ધભાવની સાથે એની જ્ઞાન પરિણતિ પણ ચાલુ હોય?

● ઉત્તર : એ જ્ઞાન પરિણતિ એવી જોરદાર પોતાનો આશ્રય લેવા માગે છે. જોરદાર આશ્રય લેવા માગે છે. ૧૧.

✻ પ્રશ્ન : શુભભાવ કે કાલમેં હી પરિણતિ હોતી હૈ, યા શુભ અશુભ દોનોંકે સમયમેં ?

● ઉત્તર : શુદ્ધ પરિણતિ સાથે શુભભાવ જોડાયેલો હોય છે. એની સાથે અશુભભાવ જોડાયેલો નથી હોતો. આત્મા તરફની જે દૃષ્ટિ ગઈ, આત્મા જોઈએ છે. તેની સાથે જ શુભભાવ છે. અશુભ નથી. 'શરીર સારું મળે મને આ મળે' એની સાથે નથી હોતું. આત્માની પરિણતિ સાથે શુભભાવના જોડાયેલી હોય છે. શુભભાવ

જોડાયેલું. લાલસા કરે તો આઘું જાય છે. મળતું નથી. બહારની લાલસા સાથે જોડાયેલું નથી હોતું. બહારની લાલસા સાથે એમ જોડાયેલું હોય છે કે એના જે અશુભભાવોથી જ પાપ બંધાણા ને એને યથાયોગ્ય એવા પાપના સાધનો એવી જાતના મળે છે, એવું જે કરે તે એવી જાતનું, એવી કુદરત બંધાયેલી છે. અશુભને યોગ્ય, અશુભને અનુકૂળ જે જાતના ફળ આવે એ જાતનું એની સાથે બંધાયેલું છે. ૧૨.

*** પ્રશ્ન : વ્યાપાર કરનેકે કાળમેં પરિણતિમેં રુચિકા ભી જોર હોતા હૈ કે 'એ મેરા કામ નહીં.' ઉસકે પીછે પરિણતિ કા જોર નહીં હોતા ?**

● ઉત્તર : પરમેં ઐસા માને કે 'એ મેરા કાર્ય નહીં હૈ, મેરા સ્વભાવ નહીં હૈ' 'ઉસકા રસ તૂટ ગયા હૈ. રસ તૂટ ગયા હો તો અલ્પ એને પાપ તો છે. જે વેપારનો રસ એ પાપ તો છે. પણ એનો રસ તૂટી ગયો ને શુભભાવ તરફ વળ્યો છે કે 'મારે ચૈતન્ય જોઈએ છે.' તે ચૈતન્ય તરફનું જોર તે એને ચૈતન્યનું ફળ આપે છે. આ ઓલુ જે છે એ સંસારનું ફળ આપે છે. પાપ છે એ સંસારનું ફળ આપે છે. રસ જેટલો તીવ્ર તે પ્રમાણે ફળ આવે છે. અંતરની ઉંડી ભાવના હોય ચૈતન્ય તરફની તો ચૈતન્યફળ આવે છે. એ તો એને રસ તૂટી ગયો છે. શુભ અશુભભાવ તે કાંઈ મારે જોતા નથી. ચૈતન્યની ભાવનાવાળાને એમ હોય કે કાંઈ મારે નથી જોઈતું. એકલો આત્મા જ જોઈએ છે. આ બધામાં ઉભો છતાં મારે કાંઈ જોઈતું નથી. જોઈએ છે એક આત્મા. એક આત્માનો આશ્રય લઈને એક આત્મામાં રહેવું છે. બીજું કાંઈ નથી જોઈતું એવી જાતનું જોર તેને અંતરમાં વર્તે છે. બધે બહાર ઉભો હોય સંસારમાં તો પણ આશ્રય આખો આત્મા તરફ જાય છે, ઓલું બધું ગૌણ થઈ જાય છે. એ તો એનાથી જે ઉભો છે તે પાપ તો પાપ છે. જૈસી એકત્વબુદ્ધિ નિરંતર રહેતી હૈ, દિવસ ને રાત એકત્વબુદ્ધિ કી પરિણતિ નિરંતર ચલતી હૈ.

વિચાર કરે કે 'મૈં જુદા હૂં છૂટા હૂં,' પણ પરિણતિ તો એકત્વકી ચલતી હૈ. જૈસે એકત્વ પરિણતિ ચલતી હૈ ઐસી પરિણતિ 'મૈં જ્ઞાયક હું' વારંવાર ઉસકા ધ્યાન રહે. વારંવાર. જૈસે વો નિરંતર ઐસે જીવનમેં ઐસે એકત્વબુદ્ધિ હો રહી હૈ, અનાદિકાળસે હો રહી હૈ. ઐસા 'મૈં જ્ઞાયક હું' ઐસા એક બે વાર વિચાર કરે ઐસા નહીં, એના જીવનમેં ઐસા હી દૃઢ કરે કી મૈં જ્ઞાયક હી હૂં'. ઐસી ભાવના— વિચાર કરે ઐસી પરિણતિ હોની ચાહિયે એકત્વબુદ્ધિ છોડનેકી 'હું જ્ઞાયક છું, હું આ (શુભ-અશુભ) નથી' તેમ ક્ષણે ક્ષણે. ઐસા વિચાર આવે ક્ષણે ક્ષણે. માત્ર વિચાર ઉપરથી રહે નહીં, ઉપરથી નહીં, અંદરથી જ્ઞાયકની લગનીપૂર્વક રહે, અંદર જિજ્ઞાસા એની વારંવાર 'જ્ઞાયક હૂં' એમ ભીતરમેં સે વારંવાર હોય. યથાર્થ સહજ પરિણતિ તો જબ નિર્વિકલ્પ દશા હો, પીછે સહજ આતા હૈ પણ પહલે ઐસા અભ્યાસ કરે વારંવાર 'મૈં જ્ઞાયક હૂં' ઐસા ક્ષણે ક્ષણે ઈસકા અભ્યાસ કરના ચાહિએ વારંવાર. ૧૩.

✻ પ્રશ્ન : અંતર પરિણતિ નિરંતર ચાલુ રહતી હૈ?

● ઉત્તર : ચાલુ રહતી હૈ. અભ્યાસ કરનેકી પરિણતિ. જે નહીં હુઆ હૈ વહ ભેદજ્ઞાનકે અભાવસે નહીં હુઆ, ઔર જે હુઆ વહ ભેદજ્ઞાનસે હુઆ. અનંત કાળ ગયો પણ અપના સ્વભાવ હૈ સરલ, સુગમ હૈ, તો ભી દુર્લભ હો ગયા હૈ. ૧૪.

✻ પ્રશ્ન : સ્વભાવ દુર્લભ થવાનું કારણ શું?

● ઉત્તર : કારણ કે એકત્વ પરિણતિ કી ઈતની ગાઢપતા હો ગઈ ઔર વો પુરુષાર્થ નહીં કરતે, પ્રમોદ હો રહા હૈ. પહલે તો યથાર્થ સમજણ નહીં, પહલે તો અજ્ઞાનતા હૈ, જ્ઞાન કરે, સાચા જ્ઞાન કરે, વિચાર કરે, નક્કી કરે તો પણ પ્રમાદકે કારણ 'મૈં ભિન્ન હૂં' નહીં હો સકતા અનાદિકાળસે તો ક્યાંક ક્યાંક રુક જાતા હૈ. ઐસા ગુરુદેવ મિલા, સચ્ચા માર્ગ મિલા. નક્કી કરતે વિચાર તો પ્રમાદકે કારણ નહીં હો સકતા. અંતર લગની લગી નહીં હૈ પ્રમાદ હૈ, લગની લગે

તો પુરુષાર્થ હુએ બિના રહતા હીં નહીં હૈ. ૧૫.

**✻ પ્રશ્ન : પરિણતિ, પર્યાય અને ઉપયોગ એટલે શું? પર્યાય છે એમાં ઉપયોગના અર્થમાં છે કે પરિણમનમાં?**

● ઉત્તર : પરિણતિમાં પર્યાય આવી જાય છે. પર્યાય ઉપયોગમાં હોય, પરિણતિમાં ય પર્યાય હોય. જે જેટલું પ્રગટ થયું છે, એ સહજરૂપ છે. સ્વરૂપાચરણ ચારિત્રરૂપ પરિણતિ છે. તે જાતની સ્વરૂપાચરણ ચારિત્રની પર્યાય પ્રગટ થઈ છે. ઉપયોગ બહાર જાય છે તો એ ઉપયોગ એ જાતની રાગ મિશ્રિત પર્યાય છે. જેટલું આચરણ અંદર થયું છે એટલું શુદ્ધરૂપ છે, બાકીનું જે બાકી છે એટલું વિભાવરૂપ છે. ૧૬.

**✻ પ્રશ્ન : એક જ પર્યાયની બે ધારા?**

● ઉત્તર : એ રીતે હોઈ શકે છે. વીતરાગતા હોય તો પૂર્ણ જ્ઞાન પ્રગટ થાય, રાગ-દ્વેષ છે ને એટલે જ્ઞાન પૂરું દેખાતું નથી પણ પહેલા તો ભેદજ્ઞાન થાય, રાગ-દ્વેષ મોળા થાય, ભેદજ્ઞાન થાય. ચારિત્ર થાય પછી કેવળજ્ઞાન થાય, પૂર્ણ જ્ઞાન થાય. સાધકદશામાં બેઉ અપેક્ષા સમજવાની હોય છે, નહીં તો સાધક દશા જ રહેતી નથી. ૧૭.

**✻ પ્રશ્ન : ઉપયોગ અને પરિણતિ બન્નેના સ્વરૂપમાં શું તફાવત છે? અનુભૂતિના કાળે અને વેદનમાં ?**

● ઉત્તર : પરિણતિ સહજ પરિણમે છે. સહજ જે એની પરિણતિ જ્ઞાયકની હોય છે એની જે દશા હોય છે એ રીતે એમ પરિણતિ પરિણમ્યા જ કરે છે—પરિણતિ. અને ઉપયોગ છે એ ઉપયોગ બદલાયા કરે—ઉપયોગ જ્યાં મૂકે ત્યાં એક જ્ઞેયથી બીજે જ્ઞેય એમ બદલાયા કરે છે, અને પરિણતિ છે તે સહજરૂપે એક સરખી રહે છે. સ્વાનુભૂતિના કાળમાં પણ પરિણતિ જે પરિણતિ સ્વરૂપરૂપે છે તે પરિણતિ અને ઉપયોગ છે તે જ્ઞાનમાં જણાય છે. જ્ઞાન જાણવાનું કામ કરે છે. ઉપયોગ પલટાય છે. પરિણતિ એક સરખી રહે છે. સહજરૂપે

રહે છે. સહજ રહે છે પરિણતિ. તો સહજ ઉપયોગ રહે છે ત્યારે તો (અંદર હોય ત્યારે) ત્યાં તો પરિણતિ સહજ છે અને ઉપયોગ પણ સહજ છે. પણ બહાર હોય છે ત્યારે પરિણતિ એની સહજ હોય છે. ઉપયોગ બહાર જાય તોય ભેદજ્ઞાનની દશા હોય તો ધારા એને સહજ રહે છે. ઈ પરિણતિ રૂપે રહે છે. ઉપયોગ બહાર જાય તો પરિણતિ પલટાઈ જાય એવું નથી થતું. અને ભેદજ્ઞાનની ધારા રહે છે. એકત્વ પરિણતિ જે અનાદિની થઈ રહી છે—એકત્વબુદ્ધિ, એમાં એને ઉપયોગ નથી હોતો તોય એકત્વની પરિણતિ ચાલ્યા કરે છે. એ તો એની ખબર પણ નથી પડતી. પણ આનું તો એને વેદન રહે છે. છૂટ્ટી પરિણતિ સહજ રહે છે. ભેદજ્ઞાનની ધારા એને સહજપણે રહ્યા કરે છે. પછી પુરુષાર્થની ધારા એ વધારે છે. એ જુદી વાત છે પણ સહજ જેટલી દશા હોય છે તે પ્રમાણે પરિણતિ એની સહજ રહ્યા કરે છે અને સ્વાનુભૂતિમાં તો પરિણતિ અને ઉપયોગ બેઉ સહજ છે. ને વિકલ્પ કરે ઉપયોગ આમ ખંડખંડ એની બુદ્ધિપૂર્વક ફરતો નથી. સહજ બદલાય, પણ બુદ્ધિપૂર્વક ફરતો નથી. પરિણતિ પરિણમ્યા જ કરે છે, સહજ જ્ઞાયકરૂપ જ્ઞાયકની પરિણતિરૂપે, વેદનરૂપે, સહજ હોય છે, ખાય, પીએ ગમે તે કાર્યમાં હોય તોય ભેદજ્ઞાનની ધારા એને સહજ હોય છે. ઉપયોગ બહાર હોય તોય ભેદજ્ઞાનની ધારા એમ ને એમ રહે છે. જાગતાં, સૂતાં, સ્વપ્નામાં બધામાં એની ભેદજ્ઞાનની પરિણતિ રહે છે. ૧૮.

✻ પ્રશ્ન : પરિણતિ અને ઉપયોગ બેઉ એક જ સાથે હોય?

● ઉત્તર : હાં, એક સાથે હોય છે. ૧૯.

✻ પ્રશ્ન : પરિણતિ અંતર્મુખ ગણાય? જો ઉપયોગ બહારમાં હોય તો પરિણતિ અંદરમાં જે ચાલે છે તે અંતર્મુખ જ ગણાય?

● ઉત્તર : અંતર્મુખ છે પરિણતિ. અંતર્મુખ છે. ઉપયોગ બહાર છે. પણ પરિણતિ-ઉપયોગની સાથે જે પરિણતિ હોય તે પરિણતિ તો છે જ. જે વિભાવ તરફ ગઈ, એ અમુક અંશે તો બહાર જાય પણ

અંદર જેટલું પ્રગટ થયું તેટલી પરિણતિ અંદર છે. સ્વરૂપની શ્રદ્ધાની જે પરિણતિ. જ્ઞાયકની પરિણતિ અને અમુક સ્વરૂપની રમણતા પૂરતી જે પરિણતિ છે, જે સ્વરૂપાચરણ ચારિત્ર–તેટલી અંદર છે. બાકી અમુક બહારમાં જાય તો એમ પરિણતિ ને ઉપયોગ બેઉ સાથે છે. જેટલી અંદર દશા પ્રગટ થઈ તેટલી અંતરમાં રહે છે. અંતર્મુખ રહે છે તેને અંતર્મુખ કહેવાય છે. ૨૦.

ભક્તિ : જહાં ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શુચિતાકી સૌરભ મહકે,
સંયમ, તપ, ત્યાગ આકિંચન્ય હી પરિણતિમેં પ્રતિપલ ચહકે, (૨)
હે બ્રહ્મચર્યકી ગરિમાસે આરાધ્ય બને જો મેરા,
મૈં ઉન ચરણોંકા ચેરા, હો વંદન ઉનકો મેરા.

✻ પ્રશ્ન : સ્વભાવના ગ્રહણપૂર્વક પરિણતિ હોય?

● ઉત્તર : તે આચરણના હિસાબે બહાર જાય છે. ઉપયોગ બહાર જાય ને તેટલી પરિણતિ પણ અમુક છે અસ્થિરતાની. ૨૧

✻ પ્રશ્ન : અવલંબન, અવલંબનની જે વજનની વાત આવે તે પરિણતિના પ્રકારની છે ?

● ઉત્તર : હાં. તે પરિણતિમાં લાગુ પડે છે. જે આશ્રય લીધો છે. જે આશ્રયનું જોર છે તે પરિણતિ છે. જે સ્વભાવના આશ્રયનું જોર રહ્યા જ કરે છે. જ્ઞાયક તરફ છે. 'હું જ્ઞાયક છું.' તે જ્ઞાયક વિકલ્પપૂર્વક નહીં પણ સહજ રહે છે. 'હું જ્ઞાયક છું.' એ જ્ઞાયકની પરિણતિપૂર્વક રહે છે. જ્ઞાયકનું અમુક પ્રકારનું વેદન છે. એટલે એ સ્વાનુભૂતિની જુદી વાત છે. પણ અમુક પ્રકારનું વેદન છે. જ્ઞાયકરૂપે રહે છે. ૨૨.

✻ પ્રશ્ન : વિકલ્પ થાય ત્યારે અંદરમાં પરિણતિનું જોર વધતું હશે એટલે નિર્વિકલ્પતા થતી હશે ? ઉપયોગ એ તરફ આવતો હશે? કઈ રીતે?

● ઉત્તર : અંતરમાં સ્વરૂપની ધારા. અંતર તરફ લીનતા વધી જાય છે. તે સ્વરૂપાચરણ ચારિત્રની અંશે પ્રગટતા થઈ છે. અંતર

તરફની લીનતાનું જોર વધી જાય છે. એટલે એ ઉપયોગ અંતર તરફ આવે છે. બહાર જે ઉપયોગ ફરે છે તે ઉપયોગ સ્વરૂપ તરફ જાય છે. તે બહારમાં જતો ઉપયોગ સ્વરૂપમાં ઠરી જાય છે. એટલે લીનતાનું જોર વધી જાય છે. શ્રદ્ધા ને જ્ઞાનનું જોર તો છે પણ લીનતાનું બળ વધી જાય છે. સ્વરૂપમાં ઠરી જાય છે. બહાર જતો ઉપયોગ અમુક જાતના વિકલ્પ છૂટીને સ્વરૂપમાં ઠરી જાય છે. લીનતામાં જોર વધે છે એટલે અંતરમાં જાય છે. આશ્રયનું જોર વધે તે જ્ઞાનનું પણ લીનતાનું સાથે હોય છે. ચારિત્ર દશા થાય છે જ્યારે મુનિઓની ત્યારે આશ્રયનું જોર તો વધે જ છે પણ ત્યારે એની સાથે લીનતાનું જોર વધે છે. એટલે એ ચારિત્ર દશા આવે છે. અને ગૃહસ્થાશ્રમમાં એને દશા પલટાઈ જાય એટલી જાતનું એને લીનતાનું જોર નથી કે આખી ભૂમિકા પલટાય પણ તે તે ભૂમિકામાં એનું લીનતાનું જોર વધે છે એટલે અંતરમાં જાય છે. ૨૩.

**✻ પ્રશ્ન : જે ગૃહસ્થદશામાં હોય તે લીનતાનું જોર કોઈ વખત ભલે નિર્વિકલ્પ થાય તો નિર્વિકલ્પ દશામાં પણ કાંઈ તારતમ્યતા રહેતી હશે ?**

● ઉત્તર : તારતમ્યતા થાય એ લીનતાનું જોર. તારતમ્યતા વધી જાય. એટલે અંશે અમુક સ્થિરતા વધી જાય. કોઈ સ્થિરતા ઓછી હોય, વધારે હોય એવું થાય. પણ આખી ભૂમિકા પલટાઈ જાય એવી જાતની સ્થિરતા નથી, પાંચમું ગુણસ્થાન થાય તો વધારે લીનતા થઈ જાય. છઠ્ઠે-૭મે ગુણસ્થાને એનાથી વધી જાય. તારતમ્યતા થાય છે. પણ તે એક જ ગુણસ્થાનની અંદર તારતમ્યતા થાય છે. ચોથે ગુણસ્થાને હોય તો થાય. ૨૪.

**✻ પ્રશ્ન : સમ્યગ્દર્શન વખતે ઉપયોગ બહારમાં હોય એમાં તો બે ગુણ આવે છે જ્ઞાન ને ચારિત્ર ને પરિણતિમાં તો ત્રણેય હોય સાથે ?**

● ઉત્તર : પરિણતિ તો શ્રદ્ધા પલટી ગઈ છે. જ્ઞાન ને ચારિત્ર ને અંદર શ્રદ્ધાનું જોર હોય. શ્રદ્ધા તો પલટાઈ ગઈ છે. શ્રદ્ધા તો

સમ્યક્‌રૂપે થઈ ગઈ છે. શ્રદ્ધાના ભાગલા નથી પડતા, ચારિત્રના ભાગ પડે છે. ૨૫.

**✻ પ્રશ્ન : શ્રદ્ધાના ભાગ નથી પડતા?**

● ઉત્તર : શ્રદ્ધાના ભાગ નથી પડતા કે થોડી શ્રદ્ધા સમ્યક્ છે ને થોડી અસમ્યક્ છે એમ શ્રદ્ધાના ભાગ નથી પડતા એટલે અંશે જ્ઞાન પણ સાથે છે પણ એ જ્ઞાન એ જાણવા પૂરતું ઉપયોગમાં છે. પણ શ્રદ્ધાના ભાગ નથી પડતા. ચારિત્રના ભાગ પડે છે. ૨૬.

**✻ પ્રશ્ન : યે પરિણતિ જ્ઞેયોંકો જાન રહી હૈ, ઉસ પરિણતિકો તો પર કહતે હૈ ને?**

● ઉત્તર : પરિણતિ કહા, લેકિન ઉસમેં ભેદકા ઉપચાર આતા હૈ ને! તો અભેદ વસ્તુમેં ભેદકા ઉપચાર આતા હૈ. વહ સ્વભાવ તો હૈ, સ્વભાવ તો હૈ જાનનેકા. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ હૈ ઉસકો કહા, જો લોકાલોકકો જાનતે હૈ. સ્વભાવ હૈ જો કેવળજ્ઞાન હોતા હૈ તો ઉસમેં નિર્વિકલ્પ વસ્તુ રહતી હૈ, જ્ઞાન ભી રહતા હૈ. વો ઐસા હૈ પણ ઉસમેં અપને ભેદકા ઉપચાર કરતે હૈ ને કે વો મેરેમેં આ જાતા હૈ. જાનનેકા સ્વભાવ તો રહતા હૈ. જો લોકાલોકકો જાનતે હૈ વો સ્વભાવ તો હૈ પણ સ્વભાવ હૈ ઉસમેં રુક જાતે હૈ. વો મેરેમેં આ ગયા ઔર મૈં એકત્વ હો ગયા. વિકલ્પકા ભેદકા ઉપચાર નહીં કરના, અભેદમેં ભેદકા ઉપચાર. બાકી તો સિદ્ધ ભગવાન હોતે હૈ ઉસકો નિર્વિકલ્પ વસ્તુ રહતી હૈ ઉસમેં અનંતગુણ, અનંત પર્યાય ઔર શુદ્ધાત્મામેં અનંત પર્યાય—અનંતકાળ તક પર્યાય પરિણમતી રહતી હૈ. વો લોકાલોક કો જાણને કી પરિણતિ રહતી હૈ. ઉસકો નષ્ટ નહીં હો જાતી, સ્વભાવ તો રહતા હૈ. જાનનેકા સ્વભાવ, આનંદકા સ્વભાવ, પર્યાય કા સ્વભાવ રહતા હૈ પણ ઉસમેં જો અપના દ્રવ્યમેં વિકલ્પમેં જો ઉપચાર કરતે હૈ વહ ભેદ સ્વરૂપી હો ગયા ઔર ભેદમય હો ગયા ઔર એ ઉપચાર કરને વો દ્રવ્યદૃષ્ટિ તો નિકાલ દેતી હૈ ઔર જ્ઞાન સબકો જાનતા હૈ. ૨૭.

✻ પ્રશ્ન : જ્ઞાન દોનોંકો જાને?

● ઉત્તર : જ્ઞાન દોનોંકો જાને, દ્રવ્યદૃષ્ટિ જો મુખ્ય રહતી હૈ. વહ સબ ભેદકો નિકાલ દેતી હૈ. દ્રવ્યદૃષ્ટિ એક શુદ્ધાત્મા નિર્વિકલ્પ વસ્તુકો ગ્રહણ કરતી હૈ. જ્ઞાન સબકો જાનતા હૈ ભેદાભેદ સબકો જાણતે હૈ. જો સ્વભાવ ન હોવે વો તો આત્મા નહીં, આત્મા હૈ ઉસમેં સ્વભાવ તો રહતા હૈ, સ્વભાવ નહીં રહે તો શૂન્ય હો જાતા હૈ. જાનતા નહીં હૈ, પણ યે તો જાનનેકા સ્વભાવ રહતા હૈ, ભગવાન હૈ વો સબ કુછ જાનતે હૈ, યે જ્ઞાન રહતા હૈ દ્રવ્યદૃષ્ટિ ઉસકો નિકાલ દેતી હૈ સબ ભેદકો. ૨૮.

✻ પ્રશ્ન : જ્ઞાન જાણે છે ?

● ઉત્તર : જ્ઞાન જાણે છે. લોકાલોકકો જાનતે હૈ. તો ઐસા કથન કરતે હૈ વહી આતી હૈ ભગવાનકી દિવ્યધ્વનિમેં. લોકાલોકકો જાનતે હૈ જ્ઞાન તો. દ્રવ્યદૃષ્ટિ ઉસકો નિકાલતી હૈ. દૃષ્ટિની અપેક્ષાએ સબ નિકાલ દેના. ૨૯.

✻ પ્રશ્ન : શુદ્ધ પરિણતિ?

● ઉત્તર : શુદ્ધ પરિણતિ. ૩૦.

✻ પ્રશ્ન : જો અપને આત્માકો જાનતી હૈ શુદ્ધ પરિણતિ તો વો પરિણતિ અપને આત્માકા ભેદ ન જાને, અપનેકો ભી જાને ?

● ઉત્તર : અપનેકો જાનતી. દ્રવ્ય કો ભી જાનતી હૈ, પર્યાયકો ભી જાનતી હૈ. જ્ઞાનકી પરિણતિ, અપનેકો ભી જાનતી હૈ ઔર દ્રવ્યકો ભી જાનતી હૈ. જ્ઞાનકો જાનતી હૈ. ૩૧.

✻ પ્રશ્ન : શ્રદ્ધા સ્વીકાર કરતી હૈ? શ્રદ્ધા ઉસ પરિણતિકો સ્વીકારતી હૈ?

● ઉત્તર : શ્રદ્ધા સ્વીકાર લેતી હૈ. (ઉસ પરિણતિકો) ૩૨.

✻ પ્રશ્ન : આત્મા નિરાવલંબી હૈ તો ફિર ઉસકી પરિણતિ હૈ વહ ભી નિરાવલંબી હૈ?

● ઉત્તર : વહ ભી નિરાવલમ્બી હૈ. (પરિણતિ) ૩૩.

**✻ પ્રશ્ન : વહ પરિણતિ જો હૈ. જો સત્ હૈ, એક સમયકા સત્ હૈ ઇસકી અપેક્ષાસે નિરાવલમ્બી હૈ ?**

● ઉત્તર : નિરાવલમ્બી હૈ. આત્મા નિરાવલમ્બી હૈ. ઉસકી પરિણતિ જો ઉસકી જો સ્વયંકી પરિણતિ વહ ભી નિરાવલમ્બી હૈ. પુરુષાર્થકે સાથ જિસકા જૈસા પુરુષાર્થ હોતા હૈ વહ ભી ઉસકી પરિણતિ હોતી હૈ. ૩૪.

**✻પ્રશ્ન : ઉસકી પરિણતિકો પુણ્યકા યા કિસીકા અવલમ્બન હૈ?**

● ઉત્તર : દ્રવ્યમેં સુખ હૈ વહ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરના. સમ્યગ્દૃષ્ટિકો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોતી હૈ. વૈસે શાસ્ત્રમેં આતા હૈ દ્રવ્ય, ગુણ, પર્યાયકા વો ભીતરમેં અબુદ્ધિપૂર્વક ઉસકો અવલંબન જ્ઞાનમેં રહતા હૈ. દર્શનમેં તો વો દ્રવ્ય ઉપર દૃષ્ટિ. વો તો એકરૂપ હૈ, અબુદ્ધિપૂર્વક રહતા હૈ, બુદ્ધિપૂર્વક નહીં રહતા. ૩૫.

**✻ પ્રશ્ન : બુદ્ધિપૂર્વક નિરાલંબી હૈ ?**

● ઉત્તર : બુદ્ધિપૂર્વક નિરાવલંબી હૈ. ઉપશમ શ્રેણીમેં હૈ ને તો નિરાવલમ્બી હૈ. ઉપશમ શ્રેણી ચડતે હૈ તો નિરાવલમ્બી હૈ, બુદ્ધિપૂર્વક નહીં હોતા. અબુદ્ધિપૂર્વક હૈ. દ્રવ્ય, ગુણ, પર્યાયકા સંક્રમણ જો શુક્લધ્યાનમેં ભી આતે હૈ ના પહલે પાયેમેં ઉસકા દ્રવ્ય, ગુણ, પર્યાયકા સંક્રમણ હોતા હૈ ઉસકે પીછે એક ઉપર એકાગ્ર હો જાતે હૈ તો કેવળજ્ઞાન હોતા વૈસા વો એકદમ અબુદ્ધિપૂર્વક હોતા હૈ, બુદ્ધિમેં તો નિરાવલમ્બી હૈ, દ્રવ્ય ભી નિરાવલમ્બી, પરિણતિ ભી નિરાવલમ્બી એકદમ, સ્વયં કી પરિણતિ એકદમ બઢ જાતી હૈ. અબુદ્ધિપૂર્વક વો દ્રવ્ય ગુણ પર્યાયકા સંક્રમણ હોતા હૈ. શુક્લધ્યાનમેં ભી અબુદ્ધિપૂર્વક રહતે હૈ. નહીંતર તો કેવળજ્ઞાન હો જાય. અબુદ્ધિપૂર્વકમેં ભી ન રહે તો કેવળજ્ઞાન હો જાય. અબુદ્ધિપૂર્વકમેં જ્ઞાન ઐસા રહતા હૈ. દ્રવ્ય, ગુણ, પર્યાય, શુક્લધ્યાનમેં ભી પીછે એક દ્રવ્યકા. કેવળજ્ઞાન પ્રગટ્યું. કહેવાય. દ્રવ્ય, ગુણ ઔર પર્યાયકા ધ્યાન વો ધર્મધ્યાન હો જાતા હૈ. ચૌથે ગુણસ્થાને તો ધર્મધ્યાન તો રહતા

હૈ, છૂટતા નહીં પણ સંયમકે સાથમેં રહનેવાલા ધર્મધ્યાન-વહ નહીં રહતા હૈ. ૩૬.

✻ પ્રશ્ન : (યે પરિણતિ વિશેષ હોતી હૈ ?)

● ઉત્તર : પરિણતિ ધર્મધ્યાનકે સાથમેં, સમ્યગ્દર્શન કે સાથમેં અમુક ધર્મધ્યાન રહતા હૈ. સંયમકે સાથમેં વિશેષ પરિણતિ હોતી હૈ. ૩૭.

✻ પ્રશ્ન : વહ ધર્મધ્યાન તો ચોથે ગુણસ્થાને હોતા હૈ?

● ઉત્તર : વહ ધર્મધ્યાન તો ચોથે ગુણસ્થાનમેં હોતા હૈ. ૩૮.

✻ પ્રશ્ન : 'ઉંડાણમાં જવું'–ઊંડાણમાં કેવી રીતે જવું ?

● ઉત્તર : ઉંડાણમાં તો સ્વભાવ ઓળખે ને મૂળમાં જાવું તે ઉંડાણ છે. ઉપર ઉપરથી કર્યા કરે. વિકલ્પ કર્યા કરે. 'હું જુદો, જુદો' એમ નહીં. પણ તે પોતે સ્વભાવ જ્યાં છે ત્યાં જાય તે ઉંડાણથી. તે ઉંડાણ છે, સૂક્ષ્મ થઈને ઉંડો થઈને, ઉપર ઉપરથી ઘણાં વિચાર કર્યા કરે પણ અંતરમાં સ્વભાવ છે અને ગ્રહણ કરવો એ છે. દેખાતો નથી પણ પોતે નક્કી કરી શકે છે દેખાય નહીં પણ વિચાર કરે તો પોતે જ છે. વિકલ્પ સંકલ્પ પણ બધા વિભાવ ભાવો ચાલ્યા જાય છે. તો પોતાને દુઃખરૂપ લાગે. પોતે જાણનારો ઉભો રહે છે. નાનપણથી અત્યાર સુધી વિચારો આવી ગયા પોતે જાણનાર ઉભો જ છે. એ તો પોતે જ છે, પણ પોતે ઓળખતો નથી સ્વભાવને. (પોતાને) ૩૯.

✻ પ્રશ્ન : ઉભો છે. જાગતો જીવ ઊભો છે.

● ઉત્તર : ઉભો જ છે. શાશ્વતો જાગતો જીવ ઉભો જ છે. પણ પોતે તેની સામે જોતો નથી. ૪૦.

✻ પ્રશ્ન : દેખાય છે વિકલ્પ, વિકલ્પ પણ અંદર આત્મા તો પોતે જ છે એમ ને ?

● ઉત્તર : અંદર આત્મા તો પોતે જ છે. જાણનારો એ તરફ નથી જોતો અને વિકલ્પ તરફ જુએ છે. ૪૧.

✻ પ્રશ્ન : ભેદજ્ઞાન વિષે કહો.

● ઉત્તર : ભેદજ્ઞાન તો આત્મા તરફ પરિણતિ જાય તે દુનિયા તો જુદી જ છે. વિભાવની દુનિયા જુદી છે. આત્માની દુનિયા જુદી છે. ૪૨.

✻ પ્રશ્ન : પરિણતિસ્વરૂપ જ (પોતે) છે, પણ કેમ થાય ?

● ઉત્તર : પોતે કરે તો થાય, કોઈથી થઈ શકતું નથી. જેમ અંતરમાં પોતે ચૈતન્ય સાક્ષાત્ છે. સાક્ષાત છે એમાં જે એને વિકલ્પોની ધારા જે વેદનની હાલ્યા કરે એનાથી જુદો પડીને જ્ઞાતાની વેદનધારા જો પ્રગટ કરે, તો એ કરવું પોતાના હાથમાં છે. ઓલી વેદનની ધારા—સંકલ્પ વિકલ્પની ધારા એ વેદનની ધારા હાલ્યા કરે છે, એના બદલે એનાથી છૂટ્ટો પડીને જ્ઞાતાનું વેદન ચાલુ કરે, એ જ્ઞાન કરે, એના તરફની દૃષ્ટિ કરે એ પોતાના હાથમાં છે. આ તો વિચારો તો કર્યા કરે છે. તત્ત્વોના વિચારો કરે, ઉંડા વિચારો કરે, પરિણતિને છૂટી પાડવી તે પોતાના હાથની વાત છે. પુરુષાર્થ પોતે કરતો નથી, વિભાવના વેદનથી છૂટ્ટો પડતો નથી. વેદન એનું ગૌણ થાય અને ચૈતન્ય મુખ્ય થાય તે પરિણતિ પોતાના હાથમાં છે. એ કરે તો થાય. વેદન જો (અંતરમાં થાય) જ્ઞાતામાં થાય તો એના વિકલ્પ તૂટે અને તો સ્વાનુભૂતિ થાય. જ્ઞાતાનું વેદન એને આવતું નથી અને આ કર્તાબુદ્ધિ, આ વિકલ્પની જાળનું વેદન આવ્યા કરે છે. પછી શુભ હોય—ગમે તે હોય ઉંચામાં ઉંચો હોય, તત્ત્વના વિચાર હોય તો પણ એનું જ વેદન રહે છે. જ્ઞાતામાં નથી આવતો પુરુષાર્થ અનંતકાળથી કર્યો નથી એટલે એમાં જવાતું નથી તાત્કાલિક એમાં પુરુષાર્થ કરવો પડે. ૪૩.

✻ પ્રશ્ન : એમ શું અટકાયત થાતી હશે?

● ઉત્તર : પુરુષાર્થની ખામી છે. નિર્ણયમાં આવે છે પણ પુરુષાર્થ એટલો કરતો નથી. એટલે એ પુરુષાર્થની ખામીને લઈને એ અનુભવમાં આવતો નથી. નિર્ણય તો બુદ્ધિથી કરે છે પણ એ યથાર્થ

જે અંતરમાં સ્વભાવને ઓળખીને નિર્ણય કરીને એના પુરુષાર્થ કરીને પરિણતિ કરવી, એમાં પુરુષાર્થની ખામી છે. પ્રમાદને કારણે રોકાઈ રહ્યો છે. પોતામા પ્રમાદ છે. અંતરમાં પ્રમાદ તોડીને પુરુષાર્થ કરે કે આ કાંઈ નથી જોઈતું. આ બધું દુઃખથી ભરેલું છે. એમ રુચિની અંતર તીવ્રતા, એટલી લગની લાગે, તેટલું પુરુષાર્થનું જોર થાય, તો અંતરમાંથી ચૈતન્યની સ્વાનુભૂતિ પ્રગટ થયા વગર રહેતી નથી. એ આત્મા તો આનંદથી ભરેલો છે. અને એનો કોઈ જુદો જ સ્વભાવ, કોઈ અલૌકિક અદ્‌ભૂત સ્વરૂપ છે. પણ પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાની આળસને લઈને તે દેખાતો નથી. પોતાની આળસને લઈને આટલો કાળ પોતે કાઢ્યો છે. ગુરુદેવ કહેતા ને ‘‘નિજ નયનની આળસે રે, નિરખ્યા ન નયને હરિ’’ પોતાની નયનની આળસે પોતે પોતાના ચૈતન્યને ઓળખતો નથી, દેખતો નથી. એને સ્વાનુભવમાં લેતો નથી. પુરુષાર્થ કરે તો પોતાની પાસે જ છે, ક્યાંય દૂર નથી, ક્યાંય બહાર લેવા જવું પડે એમ નથી. ને ક્યાંય દૂર છે એમ નથી, પોતાની પાસે જ છે. વસેલો છે. પોતે જ છે. માટે આખી પોતે દૃષ્ટિ ફેરવે, દિશા ફેરવે, તો આખું ચૈતન્યનું પરિણમન, ચૈતન્ય-મય થઈ જાય છે અને દુનિયા આખી જુદી થઈ જાય છે. ૪૪.

❀ બહેનશ્રી : સમ્યગ્દૃષ્ટિ કો યથાર્થ જ્ઞાન હોતા હૈ. ભેદજ્ઞાન. જ્ઞાયક જ્ઞાયકકી પરિણતિ જો પ્રગટ હોતી હૈ, દ્રવ્ય ઉપર દૃષ્ટિ, ઉસકા જ્ઞાન, ઉસમેં લીનતા, ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનમેં ન્યારા હો— ઐસી ભેદજ્ઞાનકી પરિણતિ રહતી હૈ. યે યથાર્થ જ્ઞાન રહતા હૈ ઔર વૈરાગ્ય ઐસા રહતા હૈ. વિરક્તિ. વિભાવસે વિરક્તિ રહતી હૈ. વિભાવમેં એકત્વબુદ્ધિ નહીં રહતી. વિભાવ ઔર મેરા સ્વભાવ દોનોં ભિન્ન હૈ. વિભાવસે ઉસકો વિરક્તિ રહતી હૈ. ક્ષણે ક્ષણે ‘મૈં જ્ઞાયક હૂં, મૈં જ્ઞાયક હૂં’, વિભાવમેં એકત્વબુદ્ધિ કોઈ રાગાદિ-ભાવોમેં એકત્વબુદ્ધિ નહીં રહતી. વિરક્તિ રહતી હૈ. ઈસમેં તલ્લીનતા નહીં હોતી હૈ, સ્વભાવ તરફ લીનતા રહતી હૈ ઔર

વિભાવસે વિરક્તિ રહતી હૈ. ઐસી જ્ઞાન વૈરાગ્યકી શક્તિ કોઈ સમ્યગ્દષ્ટિ કો રહતી હૈ. ગૃહસ્થાશ્રમમેં હોવે તો ભી બાહ્ય કાર્યોમેં ઔર વિભાવ પરિણામ હોવે તો ભી એકત્વ નહીં હોતા, ઈસમેં તલ્લીન નહીં હોતા. ભિન્ન હોતા હૈ. 'મૈં ચૈતન્ય હૂં' ઐસા અસ્તિત્વ ગ્રહણ કરે, વિભાવસે નાસ્તિ, 'વિભાવ સ્વરૂપમેં મૈં નહીં હૂં', ઐસી ન્યારી પરિણતિ રહતી હૈ, ઐસી વિરક્તિ એ વૈરાગ્યભાવ રહતા હૈ, ઐસી જ્ઞાન વૈરાગ્યની શક્તિ ક્ષણે ક્ષણે ભેદજ્ઞાન દેતા હૈ. યે કોઈ જ્ઞાન-વૈરાગ્યની શક્તિ કોઈ અદ્‌ભૂત તો રહતી હૈ ઈસલિયે ઉસકો બંધ નહીં હૈ. અલ્પબંધ હોતા હૈ વહ ગણતરીમેં નહીં હૈ ઔર એકત્વબુદ્ધિ નહીં હોતી હૈ. અજ્ઞાનદશામેં એકત્વ હો જાતા હૈ વિભાવમેં ઐસે એકત્વ નહીં હોતા. ક્ષણે ક્ષણે 'મૈં ચૈતન્ય હૂં, મૈં ચૈતન્ય હૂં' ઐસી ન્યારી પરિણતિ રહતી હૈ. બહારકા કોઈ કાર્યોમેં, કોઈ પ્રસંગોમેં, કોઈ ઐસે રાગાદિમેં એકત્વ નહીં હો જાતા હૈ. ભિન્ન રહતા હૈ. ઐસા ઉસકો વૈરાગ્ય રહતા હૈ. ઐસા જ્ઞાન રહતા હૈ. રાજકાર્ય, ઘર, કુટુંબ પરિવાર સબ હોતા હૈ. સબ કાર્યમેં બહારસે દિખનેમેં આતા હૈ તો ભી ભીતરમેં વૈરાગ્ય વિરક્તિ રહતી હૈ. ઉસમેં એકત્વ નહીં હોતા. ક્ષણે ક્ષણે ઉસકી પરિણતિ જ્ઞાયક તરફ. જ્ઞાયક તરફ પરિણતિ જાતી હૈ. જ્ઞાયકકી લીનતા તરફ પરિણતિ જાતી હૈ. રાગ તરફ નહીં જાતી. ૪૫.

**✻ પ્રશ્ન : પર્યાય તો જ્ઞાયક તરફ ગયા કરે, ક્ષણે ક્ષણે.**

● ઉત્તર : ક્ષણે ક્ષણે જાય છે. બહારના કાર્યોમાં હોય, અંદર વિકલ્પ આવે તો પણ પરિણતિ જ્ઞાયક તરફ જાય, એમ વિકલ્પમાં એકત્વ નથી થાતી. તન્મય નથી થઈ જાતી. ૪૬.

**✻ પ્રશ્ન : બહારમાં એની પરિણતિ જાય છતાં અંતર પરિણતિ તેનું કામ કર્યા કરે છે.**

● ઉત્તર : પરિણતિ કામ કર્યા કરે, બહારથી આમ દેખાય કે બહારના કાર્યોમાં એ જોડાણો છે. એમાં કેમ જાણે એકત્વ થઈ ગયો

એવું. પણ એની પરિણતિ તો જુદી—ન્યારી કામ કરતી હોય છે. એમ ન્યારાપણાની. વધતા વધતા એમ એની ભૂમિકા પલટાય છે. પાંચમી, છઠ્ઠી, સાતમી. એમાંથી વિરક્તિ, આસક્તિ ઓછી થાય અને વિરક્તિ વધતા વધતા એની ભૂમિકા પલટાય છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને એમાંથી પાછી ભૂમિકા પલટાઈ જાય છે. અંતરની વિરક્તિ વધે, અંદર લીનતા વધે એટલી સ્વાનુભૂતિની દશા વધે, એ બધાને થાય છે. જ્ઞાતાધારાની ઉગ્રતા થાતી જાય છે, એમાં શાસ્ત્રનું જ્ઞાન ઝાઝુ (વધારે) હોય, ન હોય એની સાથે સંબંધ નથી, પણ અંદરની વિરક્તિ સાથે સંબંધ છે. ૪૭.

❀ બહેનશ્રી : અંતર ભાવોને ગુરુદેવે બતાવ્યા છે. અંતર જ્ઞાયક એ પોતાનું ઘર છે. ચૈતન્ય સ્વભાવ-અનંત મહિમાથી ભરેલો જ્ઞાયક. જ્ઞાયકનું ઘર કોઈ અપૂર્વ ને અનુપમ છે. એમાં કેમ વાસ કરવો તે ગુરુદેવે બતાવ્યું છે. માર્ગ બતાવ્યો છે. એ બહારથી ઉપયોગ ખસેડી અંતર ચૈતન્યની અંદરમાં દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરી એમાં લીનતા કરવા, અંતરમાં ચૈતન્યનો વાસ થાય છે. એનું ભેદજ્ઞાન કરવું. આ શરીર ને આ આત્મા એ તદ્દ્‌ન જુદી વસ્તુ છે. વિભાવ પણ પોતાનો સ્વભાવ નથી. એનાથી પણ ભેદજ્ઞાન કરીને ‘હું જ્ઞાયક છું’ એવી ક્ષણે ક્ષણે એની ભાવના કરી, એની પરિણતિ પ્રગટ કરી, એને ઓળખી, એની પ્રતીત કરી એમાં જાય તો ચૈતન્યનો વાસ થાય છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ગુરુદેવ આ પંચમકાળમાં કોઈ અદ્વિતીય અજોડ હતા અને એમણે જે માર્ગ બતાવ્યો તે અનુપમ અને અપૂર્વ છે. એ માર્ગે જવાથી ચૈતન્યદેવ પ્રગટ થાય એને સ્વાનુભૂતિ પ્રગટ થાય. જીવમાં અનંત સુખ ચૈતન્યમાં ભરેલું છે. અનંત જ્ઞાન ચૈતન્યમાં ભરેલું છે એને પોતે ઓળખે અને એમાં જાય તો ચૈતન્ય દેવ પ્રગટ થાય છે. ઈ જ કરવા જેવું છે જીવનમાં. ઈ ન થાય ત્યાં સુધી ભાવના, જિજ્ઞાસા, વિચાર, વાંચન અને તેમય જીવન કરે, ચૈતન્ય કેમ પ્રગટ થાય? એના માટે દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા, શ્રુતનું ચિંતવન,

અંતરમાં શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય એનો પુરુષાર્થ કરે વારંવાર એની ભાવના કરે. પુરુષાર્થ કર્યે પ્રગટ થાય છે. કરવાનું એક. જ્ઞાયક જ. જ્ઞાયકની મહિમા. જ્ઞાયકને ઓળખે, જ્ઞાયકમાં લીનતા કરે, શ્રદ્ધા કરે તે જ કરવાનું છે. ૪૮.

❀ બહેનશ્રી : પુરુષાર્થની પાછળ પોતાની જે ભાવના છે. જે પોતાની પરિણતિ દોડે છે જ્ઞાયક તરફ તે પોતાને લાભ આપે છે. વિકલ્પથી થાતું નથી પણ વિકલ્પ તરફની જે પરિણતિ જે પોતાની ભાવના, જે ચૈતન્ય તરફની જે પોતાની એકકદમ જિજ્ઞાસા છે, પરિણતિ છે એનાથી લાભ થાય છે. વારંવાર એના વગર, જ્ઞાયક વગર ચૈન ન પડે, ક્ષણે ક્ષણે એની જ ભાવના, એનું જ રટણ, ખાતા, પીતા, સૂતા, સ્વપ્ના બધામાં એની ને એ જ લગની લાગી છે. એ જ જાતની પરિણતિ દોડે એ એને લાભ આપે છે. વિકલ્પની પાછળ જે પોતાની જે જિજ્ઞાસા, પોતાની પરિણતિ જે દોડી રહી છે, જ્ઞાયક તરફ એ જ લાભ આપે છે. યથાર્થ તો પછી થાય છે પણ પહેલા એની આવી ભાવના, આવી જિજ્ઞાસા હોય એમ, એવી ઉંડી જિજ્ઞાસા જ્ઞાયક સ્વભાવને પકડવાની પોતાની એકદમ પરિણતિ થાય ને સ્વભાવ સન્મુખતા થાય. ૪૯.

✻ પ્રશ્ન : એવી પરિણતિ થાય તે થતા થતા ભવ પુરો થઈ જાય તો શું થાય ?

● ઉત્તર : પોતાની ભાવના જે છે તે પોતે સાથે લઈને જાય છે. પોતાની અંતરની તૈયારી જો હોય, માત્ર કલ્પના પૂરતું નહીં પણ અંતરની ઊંડી ભાવના જે હતી, ભાવના એની સાથે આવે છે અંદર. પોતાની જે જિજ્ઞાસા, તો ચૈતન્ય તરફની જે પરિણતિ એને પકડવા તરફ જાતી'તી તે ઈ પોતે બીજા ભવમાં પણ એનો પુરુષાર્થ એને અંદર ઊંડું હોય તો પાછું જાગે છે. બાકી જો માત્ર બોલવા પૂરતું કે ધારણા પૂરતું કે એવું હોય તો છૂટી જાય. અંદરમાં ઉંડાણમાં હોય તો ઈ સાથે આવે છે. ૫૦.

*** પ્રશ્ન : વર્તમાનમાં જ્ઞાયક તરફનો ભાવ કરે તે છતાં સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી થતું તેનું શું કારણ?**

● ઉત્તર : ભાવ કરવાથી સમ્યગ્દર્શન ન થાય. ભાવના કરે એ જુદી વાત છે ને જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરવી જોઈએ તો સમ્યગ્દર્શન થાય. જ્ઞાયકની પરિણતિ માત્ર ભાવના કરવાથી નથી થતી. ભાવના કરે એ પ્રમાણે પોતાની પરિણતિ થવી જોઈએ. 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું' એમ શબ્દથી ભલે વિકલ્પ કરે, ભાવના કરે, ભાવના કરે એ ઠીક છે. પણ જ્ઞાયકરૂપે જ્ઞાયકની પરિણતિ થાય તો એ સમ્યગ્દર્શન થાય, જ્ઞાયકરૂપે જ્ઞાયકની પરિણતિ થઈને એમાં લીન થઈ જાય તો વિકલ્પ તૂટી જાય ને નિર્વિકલ્પ દશા થાય તો જ જ્ઞાયક મળે. માત્ર ભાવનાથી નથી. જ્ઞાયકની ભાવના કરી, પુરુષાર્થ કરવો જોઈએ. જ્ઞાયકરૂપે પરિણતિ પ્રગટ કરવી જોઈએ. વિભાવની પરિણતિ આવે ત્યારે એકત્વ થઈ જતું હોય, એકત્વ થઈ જાય અને એમ કર્યા કરે કે 'હું જ્ઞાયક છું'.—ભલે એ ભાવના કરે, ભાવના કરે એમાં કાંઈ વાંધો નહીં પણ જ્ઞાયકની પરિણતિ યથાર્થ થાવી જોઈએ તો અહીંયા સમ્યગ્દર્શન થાય. ભિન્નતા થયા વગર સમ્યગ્દર્શન થાય નહીં. ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાવી જોઈએ. અંતરમાં હું જ્ઞાયક છું. ક્ષણે ક્ષણે જે વિકલ્પની પર્યાય આવે એનાથી જુદો રહીને 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું' એવી પોતાની પરિણતિ પ્રગટ થાવી જોઈએ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિ થાય, ચૈતન્યની જ્ઞાન, એ જાતની જ્ઞાયકની પરિણતિ થાય, અંશે લીનતા થાય. સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ ચારિત્ર અંશે થાય એટલે એ જ્ઞાયકની પરિણતિ પ્રગટ થાય. ગમે તે કાર્યોમાં, ગમે તે પરિણામોમાં, જ્ઞાયકની પરિણતિ એને હાજર હોય. ભેદજ્ઞાનની ધારા જાગતા, સૂતા, સ્વપ્નમાં, ખાતા, પીતા બધી વાર જ્ઞાયકની પરિણતિ ચાલુ રહે. એવી પરિણતિ થાય પછી અંશે એની લીનતા વધતી જાય, એની ઉગ્રતા થાતી જાય, લીનતા થાતી જાય ત્યારે મુનિદશા આવે એમાં

અંતર્મુહૂર્તે, અંતર્મુહૂર્તે સ્વાનુભૂતિમાં લીન થાય પોતામાં અને બહાર અંતર્મુહૂર્તે બહાર આવ્યા કે અંતરમાં જાય છે. એવી દશા થાય એનું ફળ છે જ્ઞાયકની પરિણતિ પ્રગટ થાય એનું. ૫૧.

✻ પ્રશ્ન : જ્ઞાયકનો રસ કેમ વધે ?

● ઉત્તર : રસ પોતે પુરુષાર્થ કરે, જ્ઞાયકમાં જ સર્વસ્વ છે બીજા ક્યાંય નથી. જ્ઞાયકની મહિમા આવી જોઈએ. જ્ઞાયક જ્ઞાયકમાં જ સર્વસ્વ. જ્ઞાયક આખો ચૈતન્ય પદાર્થ કોઈ અદ્‌ભૂત છે. બહારમાં કાંઈ એને રસ લાગે નહીં. જ્ઞાયકમાં જ રસ લાગે. જ્ઞાયકની પ્રતીતિ દૃઢ થાવી જોઈએ. જેની જ્ઞાયક તરફ પરિણતિ જાય તેનું જ ક્રમબદ્ધ જ્ઞાયક તરફનું થાય છે. એને જ સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય. ૫૨.

જય હો વિજય હો ભગવતી માતનો જય હો.

## આતમ દેવની હો લગની

આતમ દેવની હો લગની અંતરમાં
જ્ઞાયક દેવની હો મહિમા અંતરમાં

ગુણ રત્નોનો રાશિ જ્ઞાયકદેવ
અજર, અમર, અવિનાશી આતમદેવ
નિજાનંદ નાથની હો લગની અંતરમાં

ચૈતન્યદેવ તો ચૈતન્ય ગુફામાં
અંતર અવલોકતાં દર્શન થાતાં
ચિદાનંદનાથની હો લગની અંતરમાં

શરણરૂપ એક નિજ શુદ્ધાત્મા
સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર લેવા
શુદ્ધાતમ દેવની હો લગની અંતરમાં.